# તેલંગાણાનો નિર્ણય આખરી છે : સોનિયા

હૈદરાબાદ,તા. ૨૨

મુખ્યમંત્રી કિરણકુમાર રેડ્ડી અલગ તેલંગાણા રાજ્યની રચના કરવાના નિર્ણય અંગે ફેર વિચારણા કરવા કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીને સમજાવવામાં નિષ્ફળ ગયા છે. સોનિયા ગાંધી સાથે કિરણ કુમાર રેડ્ડીએ એક કલાક સુધી બેઠક યોજી હતી પરંતુ સોનિયા ગાંધીએ તેમના વલણમાં ફેરફાર કરવાનો ઈન્કાર કર્યો હતો. સોનિયા ગાંધીએ રેડ્ડીને સાફ શબ્દોમાં કહ્યું હતું કે તેલંગાણાનો નિર્ણય અંતિમ છે. આ અંગે કોઈ ફેરવિચારણા કરાશે નહીં. આ વાતચીત દરમિયાન મુખ્યમંત્રીએ દરિયાકાંઠાના જિલ્લાઓમાં ઊભી થયેલી તંગદિલી સાથે સંબંધિત પુરાવા પણ રજૂ કર્યા હતા. તેલંગાણાની રચના કરવાના ૩૦મી જુલાઈના નિર્ણય બાદથી સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી સાથે પોતાની પ્રથમ બેઠકમાં મુખ્યમંત્રીએ જોરદાર દલીલો કરી હતી. દરિયાકાંઠાના આંધ્રપ્રદેશ અને રાયલસીમામાં રહેલા ૪.૫ કરોડ લોકોને રાજ્યના વિભાજનથી મોટી તકલીફ થશે તેવી રજૂઆત પણ કરવામાં આવી હતી પરંતુ સોનિયા ગાંધીએ કહ્યું હતું કે યુપીએના સાથી પક્ષો સાથે વાતચીત કરવામાં આવ્યા બાદ લેવામાં આવેલો નિર્ણય અંતિમ છે. કોંગ્રેસ હાલના તબક્કે તેના નિર્ણયથી પીછેહટ કરશે નહીં. તેલંગાણાના મુદ્દે તમામ પક્ષોએ તેમની



મંજૂરી આપી હતી. છેવટે કોંગ્રેસ નિર્ણય કર્યો હતો કે ૧૦ જનપટ બેઠક ખાતે આંધ્રપ્રદેશની બાબતોના ઈન્ચાર્જ



દિગ્વિજયસિંહ સાથે પણ વાતચીત કરવામાં આવી હતી. વાતચીત દરમિયાન કિરણકુમારે સોનિયા ગાંધીને કહ્યું હતું કે સીમાન્દ્ર પ્રદેશમાં વ્યાપક નારાજગી પ્રવર્તી રહી છે. અલગ રાજ્યની રચના સામે નારાજગી છે. પાણીની વહેંચણી અને વીજળીની વહેંચણી જેવા જટિલ મુદ્દાઓને ઉકેલ્યા વગર રાજ્યની રચના કરવાની બાબતનો મુદ્દો પણ ઉઠાવવામાં આવ્યો હતો પરંતુ સોનિયા ગાંધીએ મક્કમતાપૂર્વક કહ્યું હતું કે તેલંગાણાની રચના મામલે જ્યારે ચર્ચા પ્રક્રિયા ચાલી રહી હતી ત્યારે તેઓએ પણ આ મુદ્દા ઉઠાવ્યા ન હતા. હાઈકમાન્ડના આદેશને માથે ચડાવવા માટે રેડ્ડીએ આગળ તૈયારી દર્શાવી હતી. વાતચીત દરમિયાન સોનિયા ગાંધીએ મુખ્યમંત્રીને વડાપ્રધાન મનમોહનસિંહને મળવા માટે પણ કહ્યું હતું. મિટીંગમાંથી બહાર આવ્યા બાદ મુખ્યમંત્રીએ કહ્યું હતું કે સંયુક્ત આંધ્રપ્રદેશ માટેની તેમની રજૂઆત સાંભળવામાં આવી છે.

### કિરણકુમાર રેડ્ડી સોનિયા ગાંધીને ન મનાવી શક્યા

- અલગ તેલંગાણા રાજ્યની રચનાને લઈને મુખ્યમંત્રી કિરણકુમાર રેડ્ડીની સોનિયા ગાંધી સાથે બેઠક
- તેલંગાણા રાજ્યની રચનાના નિર્ણય બાદથી જ આંધ્રના ઘણા ભાગોમાં તંગદિલી હોવાની રેડ્ડીએ દલીલ કરી
- અગાઉના નિર્ણય ઉપર ફેર વિચારણા કરવા સોનિયા ગાંધીને વિનંતી પણ કરી
- પોતાની દલીલને ટેકો આપવા તંગદિલી સાથે સંબંધિત અહેવાલ પણ રજૂ કર્યો
- કિરણકુમાર રેડ્ડીની દલીલને સોનિયા ગાંધીએ ધ્યાનમાં ન લીધી
- તમામ સાથી પક્ષો સાથે વાતચીત કરીને નિર્ણય કરાયો હોવાથી હવે ફેરફાર યોગ્ય નથી
- સોનિયા ગાંધી સાથે બંધ બારણે એક કલાક બેઠક યોજી
- પાણી અને વીજળીના મુદ્દાઓ પણ રજૂ કર્યા

## રૂપિયો ટૂંક સમયમાં ફરીથી સ્થિર થઈ જશે : ચિદમ્બરમ

નવી દિલ્હી,તા. ૨૨

નાણાં પ્રધાન પી ચિદમ્બરમે આજે ડોલર સામે રૂપિયામાં થઈ રહેલા ઘટાડા અંગે વાત કરી હતી. ચિદમ્બરમે ખાતરી આપી હતી કે દહેશતની કોઈ જરૂર નથી. બજારોમાં ફરી સ્થિરતા આવી જશે. રૂપિયો ફરી સ્થિર થઈ જશે. ડોલર સામે રૂપિયો આજે ૬૫ની મનોવૈજ્ઞાનિક સાપટી પર પહોંચી ગયા બાદ ચિદમ્બરમે આ મુજબની પ્રતિક્રિયા આપી હતી. પત્રકારો સાથેની વાતચીતમાં તેમણે કહ્યુ હતુકે બજારમાં અસ્થિરતા ચલાવી લેવાશે નહીં. સરકાર સ્થિતિને સુધારવા માટે પગલા લઈ રહી છે. નાણાં મંત્રીએ ઉમેર્યુ હતુકે અમે હાલમાં જુદા જુદા પાસા પર વિચારણા કરી રહ્યા છીએ. ડોલર સામે રૂપિયા માટે કોઈ ખાસ સપાટી નક્કી કરી રહ્યા નથી. માત્ર રૂપિયાને સ્થિર કરવા પર ધ્યાન આપી રહ્યા છીએ. આરબીઆઈએ પણ રૂપિયાને સ્થિર કરવા પર ધ્યાન કેન્દ્રિત કર્યુ છે. ચિદમ્બરમના નિવેદન બાદ નવી આશા જાગી છે. દરમિયાન આરબીઆઈએ પણ આજે પોતાની પ્રતિક્રિયા આપી હતી અને કહ્યુ હતુ કે રૂપિયો ઘટી જવાથી ફુગાવો વધવાની સંભાવના વધી ગઈ છે. એક નિવેદનમાં આરબીઆઈએ કહ્યુ છેકે આ વર્ષે હજુ સુધી ડોલર સામે રૂપિયામાં ૧૬ ટકાનો ઘટાડો થયો છે. ભારતીય રૂપિયો ડોલર સામે રેકોર્ડ ૬૫.૫૨ની નીચી સપાટીએ પહોંચ્યો છે. માર્ચમાં પુરા થયેલા નાણાંકીય વર્ષ ૨૦૧૨-૧૩ માટેના પોતાના અહેવાલમાં આરબીઆઈએ કહ્યુ છે કે રૂપિયાનું અવમુલ્યન થઈ રહ્યુ છે જેથી ફુગાવો વધી શકે છે.

# રૂપિયામાં ઘટાડા વચ્ચે સેન્સેક્સમાં ૪૦૭ની રિકવરી

મુંબઈ,તા. ૨૨

શેર બજારમાં છેલ્લા ચાર દિવસથી ચાલી રહેલા મંદી પર આજે બ્રેક મુકાઈ હતી. કારોબારના અંતે બેંચ માર્ક સેન્સેકસમાં ૪૦૭ પોઈન્ટનો સુધાર થયો હતો જે બે મહિનાના ગાળામાં એક દિવસનો સૌથી મોટો ઉછાળો છે. મેટલ સેક્ટરના નેતૃત્વમાં બ્લુચીપમાં લેવાલી રહેતા તેજી જોવા મળી હતી. ચીનના મેન્યફેક્ચરીંગના આંકડા પણ આશાસ્પદ રહ્યા છે આ ઉપરાંત યુરોપિયન બજારમાં તેજી રહેતા તેની પણ અસર જોવા મળી છે. સેન્સેક્સ છેલ્લા ચાર સેશન્સમાં ૧૪૦૦ પોઈન્ટ ઘટી ગયો હતો અને તેની સપાટી ૧૭૭૬૦ સુધી પહોંચી ગઈ હતી પરંતુ આજે સેન્સેકસમાં બાઉન્સ બેકની સ્થિતિ જોવા મળી હતી અને તેમાં ૪૦૭ પોઈન્ટ અથવા તો ૨.૨૭ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો જેથી તેની સપાટી કારોબારના અંતે ૧૮૩૧૩ નોંધાઈ હતી. આજના કારોબાર દરમિયાન મૂડીરોકાણકારોની સંપત્તિમાં ૧.૧૭ લાખ કરોડનો વધારો થયો હતો. શેર બજારમાં રૂપિયામાં થઈ રહેલી પડતીની અસર જોવા મળી ન હતી. રૂપિયો આજે ડોલર સામે વધુ એક ઓલ ટાઈમ નીચી સપાટીએ પહોંચ્યો હતો. નિફ્ટીમાં ૧૦૬ પોઈન્ટનો સુધાર થતા તેની સપાટી ૫૪૦૮ રહી હતી. નિફ્ટી એક વખતે ૫૩૦૦ની નીચી સપાટીએ પહોંચ્યો હતો. એમસીએક્સ-એસએક્સ આજે ૧૯૯ પોઈન્ટના ઉછાળા સાથે બંધ રહ્યો હતો. મેટલના શેરમાં ફરી લેવાલી જામી હતી. ચીનમાં મેન્યુફેક્ચરીંગ ઈન્ડેક્સમાં સૌથી વધારે સુધરો થયો હતો. મેટલના સૌથી મોટા ગ્રાહક તરીકે આને ગણવામાં આવે છે. જાણકાર લોકોનું કહેવું છે કે યુરોપિયન શેર બજારમાં તેજી સાથે શરૂઆત થઈ હતી. જર્મનીમાં મેન્યુફેક્ચરીંગમાં અપેક્ષા કરતા તેજી આવી છે. મેટલ સેક્ટર ઈન્ડેક્સમાં આજે કારોબાર દરમિયાન સૌથી વધુ ૮.૨૩ ટકાનો સુધાર થયો હતો. તાતા સ્ટીલમાં ૧૦.૨૨ ટકા જ્યારે શીશાગોવામાં ૧૩.૧૦ટકા, હિન્ડાલ્કોમાં ૧૦.૯૩ ટકા, સ્ટરલાઈટમાં ૧૦.૪૨ ટકાનો સુધાર થયો હતો. જિંદાલ સ્ટીલમાં ૪.૮૯ ટકાનો સુધાર થયો હતો. આરઆઈએલમાં ૨.૮૧ ટકા, ઈન્ફોસિસમાં ૨.૩૭ ટકાનો સુધાર રહ્યો હતો જ્યારે આઈટીસીમાં ૨.૫૮ ટકા જેટલો સુધાર રહ્યો હતો. ૩૦ શેરની વાત કરવામાં આવે તો સેન્સેક્સના ૨૮ શેર તેજીમાં અને એચડીએફસી બેંક અને એચડીએફસી લિમિટેડમાં ઘટાડો રહ્યો હતો. બીએસઈના મિડકેપ અને સ્મોલકેપમાં તેજી નોંધાઈ હતી. મિડકેપ ૩૬ પોઈન્ટ સુધરીને ૫૩૧૦ અને સ્મોલકેપ ૨૮ પોઈન્ટ સુધરીને ૫૨૦૯ની સપાટીએ રહ્યો હતો. બીએસઈના ૧૩ પૈકી ૧૨ સેક્ટરોમાં તેજી નોંધાઈ હતી.

## બીગ બી મોદીની પ્રશંસા કરનાર વીડિયોથી નારાજ

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની પ્રશંસા કરતા યુટ્યુબ પર મુકવામાં આવેલા એક વીડિયોથી અમિતાભ બચ્ચન પણ ખૂબ નારાજ છે. આ વીડિયોમાં અમિતાભ બચ્ચનનો અવાજ છે જ્યારે અમિતાભનું કહેવું છે કે આ વીડિયો બોગસ છે. વીડિયોમાં જે ફોટા લગાવવામાં આવ્યા છે તે પણ ખોટા છે. ૭૦ વર્ષિય અમિતભ બચ્ચને યુટ્યુબ પર પોસ્ટ કરવામાં આવેલા બનાવટી વીડિયોને લઈને ટ્વિટર પર પોતાની નારાજગી વ્યક્ત કરી હતી. બીગ બીના જણાવ્યા મુજબ આ બોગસ વીડિયો તેમના એ અવાજનો ઉપયોગ કરીને બનાવવામાં આવ્યો છે જે છ વર્ષ અગાઉ લીડ ઈન્ડિયા કેમ્પેન વેળા રાખવામાં આવ્યો હતો. આ બોગસ વીડિયોમાં ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના ફોટા લગાવવામાં આવ્યા છે. આનાથી એવું સાબિત થાય છે કે અમિતાભ પીએમપદના ઉમેદવાર તરીકે મોદીનું સમર્થન કરી રહ્યા છે પરંતુ અમિતાભે આને રદિયો આપ્યો છે. આ વીડિયો મારફતે એવો સંદેશ મોકલવામાં આવી રહ્યો હતો કે અમિતાભ મોદીને દેશના આગામી વડાપ્રધાન તરીકે રજુ કરી રહ્યા છે. પરંતુ અમિતાભે હવે આ વીડિયોથી પોતાને દૂર રાખીને આની ટીકા કરી છે. અમિતાભે ટ્વિટર પર કહ્યુ છેકે તેમની સાથે આ ગેરકાયદે કૃત્યથી તેઓ હેરાન છે. અમિતાભે આગામી ટ્વિટમાં સમગ્ર મામલે ખુલાસો કર્યો છે. અમિતાભે નારાજગી વ્યક્ત કર્યા બાદ આની નોંધ લેવાઈ છે. નરેન્દ્ર મોદીએ આજે આ સંબંધમાં પ્રતિક્રિયામાં કહ્યુ હતુકે બોગસ વીડિયો અપલોડ કરનાર વ્યક્તિને અમિતાભ બચ્ચનની માફી માંગવી જોઈએ.

## આસારામ નિર્દોષ હોવાનો ઉમા ભારતીએ દાવો કર્યો

નવી દિલ્હી,તા. ૨૨

આસારામ પર કિશોરી પર બળાત્કાર કરવાનો ગંભીર આક્ષેપ મુકવામાં આવ્યો છે. ૨૪ કલાકથી વધુ સમય થઈ ગયો હોવા છતાં હજુ સુધી તેમની ધરપકડ કરાઈ નથી. આને લઈને રાજકીય ગરમી પણ વધી ગઈ છે. ભાજપનાનેતા ઉમા ભારતીએ આસારામને નિર્દોષ ગણાવ્યા છે. આસારામનો બચાવ કરીને ઉમા ભારતીએ ટ્વિટર પર જણાવ્યું છે કે આસારામ નિર્દોષ છે. સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીના વિરોધના કારણે તેમને આ સજા મળી છે. કોંગ્રેસી રાજ્યોમાં તેમના પર ખોટો કેસ દાખલ કરવામાં આવ્યો છે. સંતો તેમની સાથે છે. તમામ બાબતોની ખાતરી કર્યા બાદ જ તેમની ધરપકડ કરવામાં આવશે. રાજસ્થાનના મુખ્યમંત્રી પણ આ મામલામાં પોતાની પ્રતિક્રિયા આપી ચુક્યા છે. તેમનું કહેવું છે કે સાધુ સંતોએ એવું વર્તન કરવું જોઈએ નહીં જેના કારણે તપાસ કરવી પડે.

### હોટલનું ખાણું, શું વખાણું? (પાના નં. ૪ નું ચાલુ)

કાઠિયાવાડી હોટલમાં વેઇટરને કાઠિયાવાડ કયાં આવ્યું તેની ખબર રાખવાની જરૂર નથી હોતી. પંજાબી ડીશનાં રસોયાને પંજાબ દેશની કઇ દિશામાં આવ્યું. તેની જ્ઞાન જરૂરી નથી. ચાઇનીઝ હોટલમાં સ્ટાફને તો માત્ર ડુંગળી, લસણ, વિનેગાર, સોયા સોસ અને આજીનો મોટોનો મોટો સ્ટોક રાખવા આવડે અને થોડું બાળતા આવડે એટલે ભયો ભયો. ઇતિહાસનાં શિક્ષકે વિદ્યાર્થીઓને ઇન્ડો-ચાયના સંબંધો વિષે કાળક્રમ પ્રમાણે બોલવા કહ્યું, એક વિદ્યાર્થીએ આ પ્રમાણે જવાબ આપ્યો. 'ચાયના ટાઉન ફિલ્મ, બોય ચાયના કટલેરી, ચાઇનીઝ ફાસ્ટ ફૂડ, ચાયનીશ રમકડાં, ચાયનીઝ સૈનિકો.' વિશ્વનો સૌથી વધુ નિરપેક્ષ આદમી એટલે વેઇટર. એ ભાગ્યે જ મોં પર સ્મિત ફરકાવશે, એ એટલી ઝડપથી વાનગીઓનાં નામો બોલી શકે છે કે, ઝડપીમાં ઝડપી સ્ટેનો પણ લખી શકે નહિ. અમારો દોસ્ત વિનુ 'વચેટિયા' વેઇટરને એટલું જ કહે છે કે, આજે જે હરી સબ્જી સુધારી હોય તે લાવ અને હા, સૂપ, પાપડ, છાશ, સલાડનું ને પૂછતો નહિ, પણ મુખવાસ, ટૂથપીક અને આજનું છાપુ આપી જજે, હજી સબ્જી મંગાવો તો હરી શબ્દ મેનુમાં જ મળે, સબ્જીમાં નહિ. આખા પરવળનું શાક માંગો તો એ શબ્દનાં જેટલાં અક્ષરો છે પરવળ પર ડીશમાં ન આવે દરેકમાં એક જ આત્તમા રહેલો છે, તે પંજાબી શાકની ગ્રેવીને બિલ્કુલ બંધબેસતું લાગે. માત્ર જેમ આત્માનો કાળા અને ઉજળા હોય તેવી ગ્રેવી પણ બે જાતની જ. એક બ્રાઉન અને બીજી વ્હાઉટ.

હોટલ એસોસિએશનને નીચેના સૂચનો કરવાની મરજી થઇ જાય છે, એક તો, વેજીટેરીયન રેસ્ટોરેન્ટમાં મેનુમાં આઇટેમોનાં નામો પણ વેજીટેરીયન રાખવા. હરા કબાબ, પનીર ભુરજી જેવા નોન-વેજીટેરીયન છાંટવાળા નહિ, બીજું લખનૌની હોટલોમાં ખાતા વધેલ નાસ્તાનું હોટલવળા પાર્સલ બનાવીને ઘરે લઇ જવા આવે છે, એવું ગુજરાતમાં પણ કરે તો કેવું સારૂં, ઘરનાં કૂતરાને તો નશીબ થાય. અલબત્ત, રીસાયકલીંગ કરતા હોય એને નુકશાન ખરૂં. ત્રીજું, બેબી કોર્ન, બેબી પોટેટો જેવી આઇટેમોમાં અંગ્રેજી નામાનો બદલે ગુજરાતી શબ્દો મૂકવા જોઇએ. 'બેબી' શબ્દને બદલે 'મીની' કે 'લઘુ' શબ્દ વાપરવા, પણ 'બેબી' નહિ, આપણે કાંઇ માણસખાઉં ગ્રાહકો નથી...

બિચારા હોટલવાળાઓ પણ કેટલું કરે? એણે રોજ કેટલાયને 'ખવડાવવું' પડતું હશે ને!

## રામેશ્વરમ ખાતે મજબુત સુરક્ષા વ્યવસ્થા ગોઠવાઈ

જમ્મુ,તા. ૨૨

આતંકવાદી હુમલાની ચેતવણી મળ્યા બાદ ધાર્મિક સ્થળ રામેશ્વર ખાતે સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. શ્રીલંકામાં જાફના ખાતેથી મોટી સંખ્યામાં આતંકવાદીઓ ઘૂસણખોરી કરી શકે છે તેવી ઈન્ટેલિજન્સ બાતમી મળ્યા બાદ સુરક્ષા મજબુત કરવામાં આવી છે. મદુરાઈમાં હુમલાની ચેતવણી જારી કરવામાં આવી હતી.

પોલીસે કહ્યુ છે કે અમારી પાસે એવી માહિતી છે કે આઠ આતંકવાદીઓ દરિયાઈ માર્ગનો ઉપયોગ કરીને ઘૂસણખોરી કરવાની યોજના બનાવી રહ્યા છે જેથી દરિયાકાંઠામાં રહેતા લોકોને કોઈ પણ કેસમાં કોઈ વ્યક્તિ દેખાય તો પોલીસને જાણ કરવા સૂચના અપાઈ છે. દરિયાકાંઠાના વિસ્તારોની પેટ્રોલિગ પ્રક્રિયા તીવ્ર બનાવવામાં આવી છે. ઈન્ટેલિજન્સ વીંગ, કોસ્ટગાર્ડ, નૌકાસેનાના જવાનોના તમામ યુનિટોને આઈબી એલર્ટ અંગે માહિતી અપાઈ છે. આજે સવારે પલ્ક સ્ટ્રેટથી પરત ફરેલી ૩૦૦ બોટની ઉંડી ચકાસણી કરવામાં આવી હતી. હેલિકોપ્ટર મારફતે પણ ચકાસણી થઈ રહી છે. દરિયાકાઠાના વિસ્તારોમાં રહેતા લોકોને ખાસ ટેલિકોમ નંબર ૧૦૯૩ અપાયો છે.

## સ્ટાર શારાપોવા યુએસ ઓપનમાં ભાગ નહીં લે

ન્યૂયોર્ક,તા. ૨૨

યુએસ ઓપનના ચાહકોને મોટો ફટકો પડ્યો છે. કારણ કે ગ્લેમર ગર્લ અને રશિયન સ્ટાર મારિયા શારાપોવા ખભાની ઈજાના કારણે સ્પર્ધામાંથી ખસી ગઈ છે. રશિયાની નંબર ત્રણ ખેલાડી શારાપોવા ઈજાગ્રસ્ત થઈ છે તેવી જાહેરાત આયોજકોએ આજે સવારે કરી હતી. આ વર્ષની ફાઈનલ ગ્રાન્ડસ્લેમ માટે ડ્રોની જાહેરાત કરવામાં આવે તે પહેલાં જ આ નિરાશાજનક સમાચાર આવ્યા હતા. યુએસ ઓપન ટુર્નામેન્ટના ડિરેક્ટર ડેવીડ બ્રેવરે કહ્યું છે કે શારાપોવા સ્પર્ધામાંથી નીકળી ગઈ છે. શારાપોવાએ અમને માહિતી આપી છે કે તે આ વર્ષે સ્પર્ધામાં ઉતરવાની સ્થિતિમાં નથી.

## અનિલ અંબાણી ટુજી સ્પેક્ટ્રમ ફાળવણી કેસમાં પ્રોસિક્યુશન સાક્ષી તરીકે ખાસ અદાલત સમક્ષ જુબાની આપવા માટે ઉપસ્થિત રહ્યા

નવી દિલ્હી,તા. ૨૨

રિલાયન્સ ગ્રુપના ચેરમેન અનિલ અંબાણી ટુજી સ્પેક્ટ્રમ ફાળવણી કેસમાં પ્રોસિક્યુશન સાક્ષી તરીકે ખાસ અદાલત સમક્ષ જુબાની આપવા માટે ઉપસ્થિત રહ્યા હતા. અનિલ અંબાણીએ પોતાની જુબાનીમાં શ્વાન ટેલિકોમ અંગે કોઈ માહિતી હોવાનો સાફ ઈન્કાર કર્યો હતો. સીબીઆઈ કોર્ટ સમક્ષ અનિલ અંબાણી આજે સવારે ઉપસ્થિત થયા બાદ કોર્પોરેટ જગતમાં ભારે ચર્ચા થઈ હતી. શ્વાન ટેલિકોમના નામે કોઈ કંપનીથી વાકેફ હોવાનો અનિલ અંબાણીએ ઈન્કાર કરી દીધો હતો. વર્ષ ૨૦૦૮માં ટેલિકોમ સ્પેક્ટ્રમ અને લાઈસન્સ મેળવનાર શ્વાન ટેલિકોમ અંગે તેમની પાસે કોઈ માહિતી છે કે કેમ તેવો પ્રોસિક્યુશન દ્વારા પ્રશ્ન કરવામાં આવતા જજ ઓપી સૈની સમક્ષ તેઓએ નકારમાં જવાબ આપ્યો હતો. તપાસ સંસ્થાનો મુખ્ય આક્ષેપ એ હતો કે શ્વાન ટેલિકોમ એક ફ્રન્ટ કંપની તરીકે ઉભી કરવામાં આવી હતી. સમય પહેલા કોર્ટમાં પહોંચી ગયેલા ૫૪ વર્ષીય અંબાણી ખુબજ હળવાશના મૂડમાં દેખાઈ રહ્યા હતા.

ભરચક રૂમમાં વિટનેસ બોક્સમાં પણ અંબાણી ઉભા રહ્યા હતા જો કે તેમણે કહ્યુ હતુ કે અનેક વખત તેઓ ટેલિકોમ પ્રધાનોને મળ્યા હતા જેમાં સ્વર્ગસ્થ પ્રમોદ મહાજન, એ રાજા, કપિલ સિબ્બલનો સમાવેશ થાય છે. અગાઉ તેમની જુબાનીને મોકૂફ રાખવા માટેની રિલાયન્સ ટેલિકોમ લિમિટેડની અરજીને ફગાવી દેવામાં આવ્યા બાદ અનિલ



અંબાણીએ આજે જુબાની આપી હતી. કોર્પોરેટ જગતમાં ભારે ચર્ચાની સ્થિતિ વચ્ચે અંબાણી આજે સવારે કોર્ટના પાંગણમાં પહોંચી ગયા હતા અને સ્પેશિયલ સીબીઆઈ જજ ઓપી સૈની સમક્ષ જુબાની આપી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે કોર્ટે ગઈકાલે વધારાના સાક્ષીની ચકાસણીની પ્રક્રિયાને મોકૂફ કરવા માટેની રિલાયન્સ ટેલિકોમ લિમિટેડની અરજીને ફગાવી દીધી હતી. ટુજી કેસમાં અનિલ અંબાણી અને તેમના પત્ની ટીના અંબાણીને મોકૂફ રાખવાની રજૂઆત કરવામાં આવી હતી અનો એમ પણ જણાવવામાં આવ્યું હતું કે તેમની જુબાનીથી કોઈપણ આરોપીને કોઈ ફાયદો કે નુકસાન થશે નહીં. આરટીએલને અગાઉ સુપ્રીમ કોર્ટ તરફથી કોઈ રાહત મળી ન હતી. સુપ્રીમ કોર્ટે ટુજી કેસમાં અનિલ અંબાણી અને અન્ય સાક્ષીઓને સમન્સ જારી કરવાના ટ્રાયલ કોર્ટના આદેશ ઉપર સ્ટે મૂકવાની માંગ કરતી તેની અરજી પર કોઈ આદેશ આપવાનો ઈન્કાર કરી દીધો હતો. ૧૭મી ઓગસ્ટના દિવસે આરટીએલએ એવી અરજી સાથે ખાસ સીબીઆઈ કોર્ટમાં રજૂઆત કરી હતી કે અનિલ અને ટીના અંબાણીની ચકાસણી કરતા પહેલાં આ કેસમાં વધારાના સાક્ષીઓ સામે સમન્સ જારી કરવાના મામલે તેમની અરજી પર સુપ્રીમ કોર્ટની કાર્યવાહીના પરિણામની રાહ જોવામાં આવે. અત્રે નોંધનીય છે કે ૧૯મી જુલાઈના તેમના આદેશમાં ટ્રાયલ કોર્ટે મહત્વના તારણ આપ્યા હતા. એ વેળા સીબીઆઈએ કેસમાં નિર્ણાયક તબક્કે પહોંચવા પ્રોસીક્યુસન સાક્ષી તરીકે અનિલ, ટીના અને અન્યોને બોલાવવા રજૂઆત કરી હતી. કોર્ટે આ કેસમાં તેમનું નિવેદન નોંધવા ૨૨મી ઓગસ્ટ માટે અનિલ અંબાણી સામે સમન્સ જારી કર્યુ હતું. જ્યારે ટીના અંબાણી સાક્ષી તરીકે જુબાની આપવા આવતીકાલે ઉપસ્થિત થશે.

## ટ્રાઈ અનિચ્છુક કોલ કરનાર સામે પગલાઓ લેવા સજ્જ

નવી દિલ્હી,તા. ૨૨

અનિચ્છુક કોલર્સ સામે જોરદાર કાર્યવાહી કરવા માટેની તૈયારી ટેલિકોમક કંપનીઓએ કરી લીધી છે. ટેલિકોમ રેગ્યુરલેટર ટ્રાઈએ જણાવ્યુ છે કે અનિચ્છુક કોલ કરનાર સામે કઠોર કાર્યવાહી કરવામાંઆવશે. ટેલિકોમ ઓપરેટરો, બેંકો અને ઈન્શ્યોરન્સ કંપનીઓને કઠોર કાર્યવાહીનો સામનો કરવો પડી શકે છે. ટેકોમ રેગ્યુલેટરે કહ્યુ છે કે અનિચ્છુક કોલ અને મેસેજોના મામલે નિયમોને પાળવામાં આવશે નહીં તો તેમની સામે સકંજો મજબુત કરવામાં આવશે. બેંકો, વીમા કંપનીઓ અને રિયાલિટી કંપનીના ફોન કનેક્શન કાપી લેવામાં આવશે. જો નિયમો સાથે ચેડા કરાશે તો કઠોર પગલા લેવાશે. ઓથોરીટી દ્વારા જારી કરવામાં આવેલા નિયમ મુજબ કઠોર જોગવાઈ રહેલી છે. બિન જરૂરી અથવા અનિચ્છુક કોમર્શિયલ કોલ અથવાતો એસએમએસ તેના નેટવર્કનો ઉપયોગ કરીને બિન નોંધાયેલા ટેલિમાર્કેટર્સ દ્વારા કરાયો છે તેવી બાબત જાણવા મળશે તો ટેલિકોમ કંપની પર પ્રતિફરિયાદ ૫૦૦૦નો દંડ લદાશે. ટ્રાઈનું કહેવું છે કે નિયમો કઠોરરીતે પાળવામાં આવે તે જરૂરી છે. ગ્રાહકોને બેંકો, વિમા કંપનીઓ, બિલ્ડરો અને અન્યો તરફથી વ્યાપક પ્રમાણમાં બિનજરૂરી કોલ કરવામાં આવી રહ્યા છે. લોકો દ્વારા કરવામાં આવી રહેલી ફરિયાદોની નોંધ લેવામાં આવી ચુકી છે. હવે કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જાહેરાત સ્વરૂપે બિન જરૂરી કોલ કરવામાં આવે છે. ગ્રાહકોને આ તમામ તરફથી બિનજરૂરી મેસેજો મળતા રહે છે જેથી ઘણી તકલીફ થાય છે.

## હિમાચલપ્રદેશમાં પૂરથી ૨૮૯૨ કરોડનું નુકસાન

હિમાચલપ્રદેશના મુખ્યમંત્રી વિરભદ્રસિંહે કહ્યું છે કે રાજયને મોનસુન વરસાદ દરમિયાન ૨૮૯૨ કરોડનું જંગી નુકસાન થઈ ચૂક્યું છે. ભારે વરસાદ અને પૂરના કારણે ૫૦થી વધુ લોકોના મોત થઈ ચૂક્યા છે. તેમને દાવો કર્યો છે કે આ કુદરતી હોનારત બાદ અસરગ્રસ્ત વિસ્તારોમાં બચાવ અને રાહત કામગીરી માટે તમામ પગલાં લેવામાં આવ્યા હતા અને લોકોને રાહત પહોંચાડવામાં આવી હતી. ફેર નિર્માણની કામગીરી હાથ ધરવા માટે ૧૨૯.૨૪ કરોડ રૂપિયા જારી કરવામાં આવી ચૂકયા છે. વીરભદ્રસિંહનું કહેવું છે કે તેમની સરકાર અસરગ્રસ્ત પ્રદેશો અને લોકોને રાહત પહોંચાડવાની બાબતને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી રહી છે.

## સમાચાર ઝલક

- ♥ કીડાવાળું ભોજન પીરસતી એર ઇન્ડિયા.
- ♥ કેબીનેટ બેઠકમાં પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ પ્રધાનોનો ઉધડો લીધો.
- ♥ પાકિસ્તાનની નજર હવે દક્ષિણ ભારત પર.
- ♥ અલ્હાબાદમાં મધ્યાહન ભોજનમાં ૫ મહિનાથી બાળકો રોટીથી વંચિત.
- ♥ ગુજરાતમાં વસ્તીના આધારે પોલીસકર્મીઓ નિમણૂંક થશે.
- ♥ માહિતી અધિકાર અન્વયે હવે ઓનલાઇન અરજી કરી શકાશે.
- ♥ ચોર્યાસી કોસી યાત્રા મામલે અયોધ્યામાં ભારેલો અગ્નિ, ૨૫મી તારીખે યાત્રા શરૂ થશે.
- ♥ ખોટા પાન નંબર લખનાર કરદાતા સામે આવકવેરા ખાતું ત્રાટકશે.
- ♥ તૈયાર રહેજો! સપ્ટેમ્બરથી તમામ વસ્તુઓ પર મોંઘવારીનો બોમ્બ ફુટશે.
- ♥ અમદાવાદથી ખેડબ્રહ્મા બસમાં સાપ ચઢી ગયો, મુસાફરોની ચીસાચીસ.
- ♥ રૂપિયો ૭૦ ડોલર સામે પહોંચશે : નિષ્ણાતોનું અનુમાન.
- ♥ ઇન્ડોનેશિયામાં હાઇસ્કૂલમાં પ્રવેશ માટે કન્યાઓને વર્જિનીટી ટેસ્ટ આપવો પડશે.
- ♥ તમામ કલેક્ટર કચેરીઓ સી.સી.ટી.વી.થી સચિવાલય સાથે જોડાશે.
- ♥ નડિયાદમાં પોલીસના નામે રિક્ષાચાલકો પાસેથી રૂપિયા ઉઘરાવતા ત્રણ શખ્સો ઝડપાયા.
- ♥ રક્ષાબંધનના દિવસે વડોદરામાં બહેનને ભાઇએ આપ્યો કાંદાનો ગુલદસ્તો.
- ♥ ડેન્ગ્યુના કેસોમાં દેશમાં ૮૦ ટકાનો વધારો.
- ♥ ઐશ્વર્યાને વજન ઉતારવમાં સફળતા મળી, તેની ખુબસુરતી હજુ પણ અકબંધ : રિપોર્ટ.
- ♥ ખાંભાના ઇંગોરોળામાં 'પીળા વરસાદ'થી ગ્રામજનોમાં કુતૂહલ.
- ♥ એશિયન યુવા રમતોમાં કુશકુમારે ભારતને પહેલો સુવર્ણ ચંદ્રક અપાવ્યો.
- ♥ સંસ્કૃત અને અંગ્રેજીના પુસ્તકો હજુ વિદ્યાર્થીઓને મળ્યાં નથી.
- ♥ માર્ગ અકસ્માતમાં લોકપ્રિય ગાયિકા હેમા ત્રિવેદીનું મૃત્યુ.
- ♥ રૂપિયો ઘટવાથી ઘણી ટોચની કંપનીઓને ફાયદો થશે.